**બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને બઢતીના પ્રસંગે**
**કેસોના નિકાલની સમયમર્યાદા નક્કી કરવા અંગે**

ગુજરાતસરકાર, શિક્ષણ વિભાગ, પરિપત્રક્રમાંક : બમશ-1308-3808-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 19-02-2009

**વંચાણે લીધો :** *(1) કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરીનો પત્ર નં. : અનુદાન-1-ધ-08-09-24978, તા. 27-10-2008.*

**પરિપત્ર :**

બિનસરકારી માધ્યમિક શાળામાં બિનશૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ શાળાના વિદ્યાર્થીસંખ્યા પર આધારિત છે જે વિભાગના વખતોવખતના ઠરાવથી નક્કી થયેલ છે. શાળામાં વિદ્યાર્થીસંખ્યા વધતાં વધારાના બિનશૈક્ષણિક કર્મચારી શાળાને મળવાપાત્ર થાય છે તેવા કિસ્સામાં પ્રથમ જે કર્મચારીઓ નિયમોનુસાર નિયત વર્ષોની નોકરી ધરાવતા હોય અને બઢતીને પાત્ર હોય તેવા કર્મચારીઓને બઢતી આપવા માટે શાળાસંચાલકમંડળ દ્વારા ઠરાવ કરી વિચારણા કરવામાં આવે છે. શાળાસંચાલકમંડળ દ્વારા નિયત થયેલ પદ્ધતિ મુજબની કાર્યવાહી અનુસરી બઢતી અંગેની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીને બઢતીની બહાલી માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવે છે, પરંતુ કેટલાક સંજોગોમાં જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીમાંથી સમયસર બહાલી ન મળતાં શાળાસંચાલકમંડળ દ્વારા બઢતી માટે ઠરાવેલ તારીખ અને બઢતીની બહાલીની તારીખ વચ્ચે મોટી સમયાવધિ ઊભી થાય છે. સંચાલકમંડળ દ્વારા બઢતીની કાર્યવાહી માટે ઠરાવેલ અથવા નિયત કરેલ તારીખને બઢતીની તારીખ ગણવા સંબંધિત કેટલાક કર્મચારીઓ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવે છે. આ બાબતે ગુજરાતરાજ્ય બિનશૈક્ષણિક કર્મચારી સંઘ મહામંડળની રજૂઆત સંદર્ભે કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી દ્વારા અત્રે કરેલ રજૂઆત ધ્યાને લઈ નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીને તાકીદ કરવામાં આવે છે.

(1) પાત્રતા ધરાવતા કર્મચારીને બઢતી આપવા અંગેનો શાળાસંચાલકમંડળનો ઠરાવ પશ્ચાદ્‌વર્તી અસરથી હશે તો રદ કરવાને પાત્ર રહેશે.

(2) શાળાસંચાલકમંડળે બઢતીનો ઠરાવ કર્યા તારીખથી નિયમોનુસારની દરખાસ્ત મોડામાં મોડી 3 દિવસમાં જરૂરી એવા તમામ સાધનિક કાગળો સહિત બઢતીને બહાલી મેળવવા અંગેની વિગતવાર દરખાસ્ત તૈયાર કરી, સંબંધિત જિલ્લાશિક્ષણાધિકારીને અચૂક રજૂ કરી દેવાની રહેશે.

(3) આ સૂચનાઓ અગાઉ સેટલ થયેલ કેસો ઉખેડવાના (રિ-ઓપન કરવાના) રહેશે નહિ.

(4) શાળાસંચાલકમંડળે બઢતી અંગે ઠરાવ્યા મુજબની નિયમોનુસારની વખતોવખતની સૂચનાને ધ્યાને લઈ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ કર્મચારીને બઢતી આપવા અંગેનો ઠરાવ કરવાનો રહેશે.

(5) બઢતીનો ઠરાવ કરતાં પહેલાં જે તે કર્મચારીને બઢતી સંવર્ગથી તરત નીચેના સંવર્ગમાં વિભાગની વખતોવખતની સૂચનાનુસાર નિર્ધારિત ચોક્કસ વર્ષની સેવા પૂર્ણ કરેલી હોવી જોઈશે.

(6) શાળા દ્વારા જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીને મળેલ દરખાસ્તનો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ દરખાસ્ત મળ્યા તારીખથી મોડામાં મોડી 30 દિવસની અંદર અગ્રતા આપીને આખરી નિર્ણય કરવાનો રહેશે. 30 દિવસની સમયમર્યાદામાં બઢતીની દરખાસ્તને બહાલી આપવામાં નહિ આવે તો 30 દિવસ પછીની જે તારીખ આવે તે તારીખથી જે તે કર્મચારીને બઢતીની અસર આપવાની રહેશે.

(7) જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી દ્વારા 30 દિવસની અંદર બઢતીની બહાલી અંગેનો હુકમ કરવામાં આવશે તેવા કિસ્સામાં જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીના હુકમની તારીખને જ બઢતીની તારીખ તરીકે ગણવામાં આવશે, અર્થાત્ સંસ્થાના સંચાલકમંડળ દ્વારા ઠરાવ પસાર કર્યા તારીખને બઢતીની તારીખ તરીકે ગણવાની રહેશે નહિ.

(8) જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીમાં બઢતીની દરખાસ્તને બહાલી આપવામાં વધુ વિલંબના કારણો જણાશે તો સંબંધિત કર્મચારીને તે માટે જવાબદાર ગણી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

સહી, એ. વી. શાહ
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ